Hackensack Meridian *Health*
Shore Rehabilitation Institute

---

| | |
|---|---|
| નીતિ પ્રકાર: | વિભાગીય |
| સગવડ: | **Shore Rehabilitation Institute** (શૉર રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યુટ) |
| નીતિ શીર્ષક: | નાણાકીય સહાયતા નીતિ અને બિલિંગ/એકત્રીકરણ નીતિ |
| અસરકારક તારીખ: | **06/05/2018** અદ્યતનકરણ તારીખ: **06/05/2018** |

---

## નાણાકીય સહાયતા નીતિ

**I.** હેતુ:

**Shore Rehabilitation Institute** (SRI) આપણાં સમુદાયોને ઉચ્ચતમ ગુણવત્તાની આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે અને એ ખાતરી કરવા પ્રયત્નશીલ રહે છે કે તમામ દર્દીઓ પોતાની ચૂકવવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર તબીબી દૃષ્ટિએ જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ મેળવે.

**II.** નીતિ:

આ નાણાકીય સહાયતા નીતિ ("FAP") SRI માટે નાણાકીય સહાયતા નીતિઓ અને વ્યવહારોની રૂપરેખા જણાવશે. આ FAP અનુસાર, SRI આરોગ્ય સંભાળ જરૂરિયાતમંદ લોકોને અને જેઓ વીમો વગરના, ઓછી રકમનો વીમો ધરાવતા, અપાત્ર હોય અથવા અન્યથા પોતાની વ્યક્તિગત નાણાકીય પરિસ્થિતિ આધારે તબીબી દૃષ્ટિએ જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ માટે ચૂકવણી કરવામાં અક્ષમ હોય, તેવા લોકોને નાણાકીય સહાયતા પૂરી પાડવા કટિબદ્ધ છે.

SRI કોઇ ભેદભાવ વગર, ચૂકવણી કરવાની લોકોની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર તબીબી સ્થિતિઓ માટે સંભાળ પૂરી પાડશે.

નાણાકીય સહાયતા માત્ર તબીબી દૃષ્ટિએ જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ માટે ઉપલબ્ધ છે. વધુમાં, SRI ની સગવડોમાં પૂરી પડાતી તમામ સેવાઓ SRI કર્મચારીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી નથી અને તેથી આ FAP હેઠળ આવરી ન લેવાય તેવું બની શકે. SRI ની સગવડમાં તબીબી દૃષ્ટિએ જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડનારાઓની યાદી માટે કૃપા કરી પરિશિષ્ટ A વાંચો. આ પરિશિષ્ટ આ FAP હેઠળ આવરી ન લેવાયેલી સ્પેશિયાલિટીસનો ઉલ્લેખ કરે છે. યાદીની ત્રિમાસિક ધોરણે સમીક્ષા કરવામાં આવશે અને જરૂર પડે અદ્યતન કરવામાં આવશે.

**III.** વ્યાખ્યાઓ:

આ FAP નાં હેતુસર, નીચેની પરિભાષાઓ નીચે જણાવ્યા પ્રમાણે વ્યાખ્યાંકિત કરવામાં આવી છે:

Hackensack Meridian *Health*
Shore Rehabilitation Institute

*એમાઉન્ટ્સ જનરલી બિલ્ડ* (“AGB” - સામાન્ય રીતે બિલ અપાતી રકમ): આંતરિક મહેસૂલ સંહિતાની કલમ 501(r)(5) અનુસાર, તબીબી દૃષ્ટિએ જરૂરી સંભાળના કિસ્સામાં, FAP-પાત્ર દર્દીઓને આવી સંભાળ આવરી લેતો વીમો ધરાવતી વ્યક્તિ કરતા વધારે રકમનું બિલ આપવામાં આવશે નહીં.

AGB *ટકાવારી:* કુલ દરોની ટકાવારી જેનો ઉપયોગ FAP હેઠળ સહાયતા માટે પાત્રતા ધરાવનાર કોઇ વ્યક્તિને પૂરી પાડવામાં આવતી તબીબી દૃષ્ટિએ જરૂરી સંભાળ માટે AGB નિર્ધારિત કરવા રિહેબિલિટેશન હોસ્પિટલ સગવડ કરે છે.

*પાત્રતા માપદંડ:* આ FAP માં (અને કાર્યપદ્ધતિથી સહાયક) આગળ નક્કી કરેલો માપદંડ એ નિર્ધારિત કરવા વપરાય છે કે શું કોઇ દર્દી નાણાકીય સહાયતા મેળવવાને લાયક છે કે નહીં.

*એક્સ્ટ્રાઓર્ડિનરી કલેક્શન એક્શન્સ* (“ECAs” - અસાધારણ ઉઘરાણી કાર્યવાહીઓ): તમામ કાયદેસર કે ન્યાય સંબંધિત પ્રક્રિયાઓ, જેમાં વેતનમાંથી કપાત, મિલકત પરનું દેવું ચૂકવાય નહિ ત્યાં સુધી મિલકત કબજામાં રાખવાનો હક અને ક્રેડિટ એજન્સીઓને જાણ કરવાનું સામેલ છે પણ તેટલે સુધી જ સીમિત નથી. ECAs માં બીજા કોઇ પક્ષને વ્યક્તિનું ઋણ વેચવું, મુકદમાઓ, રહેઠાણોનું દેવું ચૂકવાય નહિ ત્યાં સુધી કબજામાં રાખવાનો હક, ધરપકડો, વ્યક્તિને ન્યાયાલયમાં હાજર કરવો કે અન્ય સરખી ઉઘરાણી પ્રક્રિયાઓનું વેચાણ સામેલ છે.

*નાણાકીય સહાયતા:* કોઇ વ્યક્તિ કે સંસ્થાને નાણા, ઋણ, કરોમાં ઘટાડો, વગેરે સ્વરૂપે કરેલી ઔપચારિક મદદ. આ FAP અનુસાર, નાણાકીય સહાયતા દર્દીને તબીબી દૃષ્ટિએ જરૂરી આરોગ્ય સંભાળ માટે છૂટ પૂરી પાડે છે જો તેઓ સ્થાપિત માપદંડો સંતોષે અને પાત્ર હોવાનું નિર્ધારિત થાય.

*ગ્રોસ ચાર્જીસ (કુલ દર):* Shore Rehabilitation Institute ની તબીબી સંભાળ માટે પૂરી નિર્ધારિત કિંમત જે કોઇ કરારબદ્ધ માફીઓ, છૂટ કે કપાતો લાગુ કરતા પહેલાં દર્દીઓને દૃઢતા અને એકરૂપ દરે લાગુ કરવામાં આવે છે.

*તબીબી દૃષ્ટિએ જરૂરી સેવાઓ:* આરોગ્ય સંભાળ સેવાઓ જે એક ફિઝિશિયન, દૂરંદેશી નિદાનની અનુમાન દર્શાવવા, કોઇ બીમારી, ઇજા, રોગ કે તેના લક્ષણોનું મૂલ્યાંકન, નિદાન કે સારવાર કરવાના હેતુસર દર્દીને પૂરી પાડશે, અને આ સેવાઓ: (a) તબીબી પ્રસ્થાપિત રીતના સામાન્ય રીતે સ્વીકાર્ય ધોરણો અનુસાર હોય છે; (b) નિદાનની દૃષ્ટિએ યોગ્ય હોય છે; અને (c) મુખ્યત્વે દર્દીની અનુકૂળતા માટે હોતી નથી.

*નોટિફિકેશન પીરિયડ (જાણ કરવાનો સમયગાળો):* 120-દિવસનો સમયગાળો, જે રજા આપ્યા પછીના પહેલા બિલિંગ સ્ટેટમેન્ટની તારીખથી શરૂ થાય છે, જેમાં દર્દી સામે કોઇ ECAs શરૂ કરવામાં આવી શકે નહીં.

*પ્લેઇન લેંગ્વેજ સમરી* (“PLS” - સરળ ભાષામાં સારાંશ): એક લેખિત સ્ટેટમેન્ટ જે વ્યક્તિને જણાવે છે કે આ FAP હેઠળ SRI નાણાકીય સહાયતા આપે છે અને વધારાની માહિતી સ્પષ્ટ, ટૂંકાણમાં અને સમજવામાં સરળ રીતે પૂરી પાડે છે.

*અનઇન્સ્યોર્ડ (વીમોવિહિન):* જે દર્દી પોતાની ચૂકવણી ફરજોને પહોંચી વળવામાં મદદ માટે કોઇ વીમો કે ત્રાહિત પક્ષની સહાયતા ન ધરાવતા હોય.

## IV. <u>નાણાકીય સહાયતા પાત્રતા માપદંડ:</u>

SRI વીમો ન ધરાવતા દર્દીઓને મદદ કરવા નાણાકીય સહાયતા કાર્યક્રમ ચલાવે છે. નીચે સમાવેલો નાણાકીય સહાયતા કાર્યક્રમ લોકોને તબીબી દૃષ્ટિએ જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડે છે જો તેઓ માપદંડ સંતોષે અને તેઓ તે મેળવવાને પાત્ર હોવાનું નિર્ધારિત થાય.

Hackensack Meridian *Health*
Shore Rehabilitation Institute

<u>*કમ્પેશનેટ કેર પ્રોગ્રામ (કરૂણામય સંભાળ કાર્યક્રમ)*</u>

SRI કમ્પેશનેટ કેર પ્રોગ્રામ એ લોકોને ઉપલબ્ધ છે જેઓને આરોગ્ય સંભાળની જરૂર હોય અને તેઓ પાસે વીમો ન હોય, અથવા અન્યથા તબીબી દૃષ્ટિએ જરૂરી આરોગ્ય સંભાળ ચૂકવવા અસમર્થ હોય. કમ્પેશનેટ કેર પ્રોગ્રામ.

## V. <u>કાર્યપદ્ધતિઓ</u>

જો દર્દી કોઇ વીમો કવચ ન હોવાનો દાવો કરે, તો તેઓને "કોઇ વીમો ન હોવાના પ્રમાણપત્ર (એટેસ્ટેશન)" પર સહી કરવાનું કહેવામાં આવશે. વધુમાં, એવું સમજાવવામાં આવશે કે જો તેઓ પાછળથી વીમો પૂરો પાડે તો કરુણામય સંભાળ હેઠળ ભલામણો તરીકે અને/અથવા precert (પ્રીસર્ટ) તરીકે ન મેળવી હોય અને/અથવા સમયસર ફાઇલ કરવાની સીમાઓ પસાર થઇ હોય તેવી અગાઉ મેળવેલી સર્વિસની તારીખો માટે બિલ મોકલવામાં આવશે નહીં. સર્વિસની ભવિષ્યની તારીખોમાં સારવાર ચાલુ રાખતા પહેલાં તમામ ભલામણો અને/અથવા precert (પ્રીસર્ટ) વીમા જરૂરિયાતો ચાલુ રાખવાની જરૂર પડશે.

જ્યારે કોઇ દર્દી વીમા કવચ પૂરું પાડે જોકે ચકાસણીમાં જોવામાં આવે કે લાભો ખલાસ થઇ ગયા છે અથવા પૂરી પાડવાની સેવા(ઓ) માટે કોઇ લાભ નથી, તો તેઓને "કવચ ન ધરાવનાર (નોન-કવરેજ) નોટિસ" પર સહી કરવાનું કહેવામાં આવશે, જેમાં નોન-કવરેજ માટેનું કારણ દર્શાવાશે અને સ્વીકાર્યતા અંગત રીતે જવાબદારી બની રહેશે. દર્દીઓને ત્યાર પછી ન આવરી લેવાઇ હોય તેવી સેવાઓ માટે કરુણામય સંભાળ કાર્યક્રમ આપવાની તૈયારી બતાવવામાં આવશે.

જો દર્દી પોતાના હાલના લાભ પેકેજથી સર્વિસને આવરી ન લેવાઇ હોવાનું જાણીને વીમાનું બીલ મોકલવાની વિનંતી કરે, તો એવું સમજાવવામાં આવશે કે લાભો નકારવાની સમજ દર્દી જવાબદાર ન હોવાનું દેખાડે, તો પણ તેઓ નોન-કવરેજની અગાઉથી જાણ હોવાને લીધે અંગત રીતે જવાબદાર રહેશે.

નાણાકીય સહાયતા મેળવવાને પાત્ર ઠરેલી કોઇ વ્યક્તિને અનુકૂળ નિર્ધારણની લેખિતમાં જાણ કરવામાં આવશે. IRC §501(r) અનુસાર, SRI પોતે:

- FAP-પાત્ર વ્યક્તિએ ચૂકવવાની બાકી રકમ દર્શાવતું સ્ટેટમેન્ટ પણ પૂરું પાડશે, તે રકમ કેવી રીતે નિર્ધારિત કરવામાં આવી હતી અને AGB ને સંબંધિત માહિતી કેવી રીતે મેળવવામાં આવી હતી, જો તે લાગુ પડતું હોય;

- વ્યક્તિએ ચૂકવેલી કોઇ વધારાની ચૂકવણી રકમ પરત (રિફંડ) પણ કરશે; અને

- ઋણ ઉઘરાવવા દર્દી સામે અગાઉ કરેલી કોઇ ECAs (અસાધારણ ઉઘરાણી કાર્યવાહીઓ) પલટાવી નાખવા તમામ વ્યાજબી ઉપલબ્ધ પગલાઓ લેવા SRI વતી કાર્યરત ત્રાહિત પક્ષો સાથે કામ પણ કરશે.

## VI. દર રકમ ગણતરી માટેનો આધાર

**Shore Rehabilitation Institute (શોર રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યુટ) – કમ્પેશનેટ કેર પ્રોગ્રામ**

કમ્પેશનેટ કેર પ્રોગ્રામ માટે પાત્ર Shore Rehabilitation Institute દર્દીઓની તબીબી સંભાળ વળતર દરની પોતાની સ્વ-ચૂકવણી સિલક ઘટીને 115% જેટલી ઓછી થશે જે SRI કે AGB દ્વારા અપાયેલા બિલ પ્રમાણે (નીચે જણાવ્યા પ્રમાણે) હોસ્પિટલમાં દાખલ દર્દીઓ માટે CMG આધારિત અને બહારથી આવતા દર્દીઓ માટે APC અથવા થેરાપી ફી નિર્ધારણ પર આધારિત રહેશે.

Hackensack
Meridian *Health*
Shore Rehabilitation Institute

## ***AGB (એજીબી)***

IRC §501(r)(5) અનુસાર SRI પોતે AGB ની ગણતરી કરવા લૂક-બૅક (પાછળ જુઓ) પદ્ધતિનો ઉપયોગ કરે છે. AGB % ની ગણતરી વાર્ષિક ધોરણે કરવામાં આવે છે અને તે મેડિકેર સર્વિસ માટેની ફી દ્વારા છૂટ અપાયેલા તમામ દાવાઓ + 12-મહિના ઉપરાંતના સમયગાળા માટે તમામ ખાનગી આરોગ્ય વીમાઓ, ભાગ્યા તે દાવાઓ સાથે સંકળાયેલા કુલ દરો આધારિત હોય છે. લાગુ પડતી AGB % કુલ દરોને લાગુ પડે છે જેથી AGB નિર્ધારિત થઇ શકે. Shore Rehabilitation Institute માટે AGB ટકાવારીઓ નીચે મુજબ હોય છે:

Shore Rehabilitation Institute (શૉર રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યુટ): 69%

આ FAP હેઠળ નાણાકીય સહાયતા માટે પાત્ર બનવા કોઇ વ્યક્તિને તબીબી દૃષ્ટિએ જરૂરી કોઇ આરોગ્ય સંભાળ સેવાઓ માટે AGB થી વધારે બિલ મોકલવામાં આવશે નહીં. FAP-પાત્ર કોઇ વ્યક્તિને હંમેશા AGB થી ઓછી રકમનું અથવા આ પોલિસી હેઠળ ઉપલબ્ધ કોઇ છૂટ સહિતનું બિલ મોકલવામાં આવશે.

## VI. <u>બહોળી જાહેરાત કરવી</u>

FAP, કમ્પેશનેટ કૅર પ્રોગ્રામ માટેની વિનંતી અને PLS આ તમામ નીચેની વેબસાઇટ પર ઓનલાઇન ઉપલબ્ધ છે: https://www.meridianhealth.com/location/shore-rehabilitation-institute/index.aspx

FAP, કમ્પેશનેટ કૅર પ્રોગ્રામ માટેની વિનંતી અને PLS ની કાગળ નકલો કોઇ દર વિના ટપાલથી અને સમગ્ર SRI ની સગવડોમાં વિવિધ વિસ્તારોમાં ઉપલબ્ધ છે. આમાં, દર્દી નોંધણી આગમન વિસ્તારો અને ધંધાકીય કાર્યાલય સામેલ છે પણ તેટલે સુધી જ સીમિત રહેતું નથી.

SRI નાં તમામ દર્દીઓને સમાવેશ પ્રક્રિયાના ભાગરૂપે PLS ની નકલ આપવામાં આવશે.

નાણાકીય સહાયતાની ઉપલબ્ધતા વિશે દર્દીને જાણકારી આપતા ચિહ્નો કે ડિસ્પ્લે બોર્ડ્સ સાર્વજનિક સ્થળોએ સુસ્પષ્ટપણે મૂકવામાં આવશે.

SRI સમગ્ર વર્ષ દરમિયાન યોજાતા સામુદાયિક પ્રસંગોમાં (એટલે કે આરોગ્ય મેળાઓ, સ્ક્રીનિંગ્સ - પ્રારંભિક તપાસો, શૈક્ષણિક સત્રો, વગેરેમાં) સમુદાયના સભ્યો સાથે વાત કરી તેઓને નાણાકીય સહાયતાની ઉપલબ્ધતા વિશે જણાવવા માટે વ્યાજબી પ્રયત્નો કરે છે.

SRI ની FAP (નાણાકીય સહાયતા નીતિ), અરજી અને PLS અંગ્રેજીમાં અને અંગ્રેજીમાં સીમિત નિપુણતા ("LEP") ધરાવતી વસ્તીઓની પ્રાથમિક ભાષાઓમાં ઉપલબ્ધ છે જેમાં 1,000 થી ઓછી વ્યક્તિઓ હોય અથવા SRI દ્વારા સેવા અપાતા સમુદાયમાં પ્રાથમિક સેવા ક્ષેત્રમાં 5% જેટલી વ્યક્તિઓને સેવા આપી હોય તેઓ સામેલ છે.

SRI મફત અર્થઘટન, ભાષાંતર અને સાંકેતિક ભાષા સેવાઓ LEP વ્યક્તિઓ અને બધિર દર્દીઓને પૂરી પાડે છે. આ સેવાઓ દર્દીઓને દિવસના 24 કલાક અને અઠવાડિયાના 7 દિવસ ઉપલબ્ધ હોય છે.

અમે મહત્વની તબીબી ચર્ચાઓ માટે દર્દીઓને ઉપલબ્ધ અર્થઘટન સેવાઓનો ઉપયોગ કરવા દર્દીઓને પ્રોત્સાહિત કરીએ છીએ. દર્દી સંભાળ સારવારમાં તબીબી પરિભાષાઓ સામેલ હોય છે જે કોઇપણ ભાષામાં ગુંચવાડાભરી હોઇ શકે. Shore Rehabilitation Institute મારફતે ઉપલબ્ધ અર્થઘટન સેવાઓમાં મોટા ભાગની ભાષાઓમાં ફોન પર અર્થઘટન સામેલ છે. સટીક દસ્તાવેજો અને સામાન્ય દર્દી સ્થિતિઓ માટે દર્દી શિક્ષણ સાહિત્યનું ભાષાંતર પણ ઉપલબ્ધ હોય છે.

જો તમને દુભાષિયો, સાંકેતિક ભાષા દુભાષિયો કે ભાષાંતરકર્તાની જરૂર પડે, તો કૃપા કરી સહાયતા માટે SRI ટીમમાંથી કોઇ સભ્યનો સંપર્ક કરો.

## બિલિંગ અને ઉઘરાણી નીતિ

### I. હેતુ

તમામ બિલિંગ, ક્રેડિટ અને ઉઘરાણી વ્યવહારો તમામ સંઘીય અને રાજ્યના કાયદાઓ, નિયમન માર્ગરેખાઓ અને નીતિઓ સાથે સુસંગત હોવાની ખાતરી કરવી.

### II. નીતિ

SRI ની નીતિ બિલિંગ અને ઉઘરાણી પ્રવૃત્તિઓ સાથે સુસંગત અને સચોટ રહેવાની છે. આ નીતિમાં તમામ માપદંડો સંતોષવાનું લક્ષ્ય આ દસ્તાવેજમાં નિર્ધારિત કરેલી કાર્યપદ્ધતિઓ અનુસરીને હાસલ કરી શકાય છે. બિઝનેસ ઓફિસ, ફાઇનાન્સ, ઇન્ફર્મેશન સિસ્ટમ્સ અને વેન્ડર મેનેજમેન્ટનો સંપૂર્ણ સહયોગ અને સામુહિક કામગીરી અમારા લક્ષ્ય સાથે બહુ મહત્વના હોય છે.

### III. કાર્યપદ્ધતિઓ

એકવાર દર્દીના દાવાની પ્રક્રિયા તેઓની વીમા કંપની દ્વારા કરવામાં આવે એટલે, SRI દર્દીની જવાબદારી સૂચવતું બિલ દર્દીને મોકલશે. વધુમાં, જો દર્દી પાસે કોઇ ત્રાહિત પક્ષનું કવચ ન હોય, તો તેઓ પોતાના દર્દીની જવાબદારી સૂચવતું બિલ મેળવશે. આ દર્દીને રજા આપ્યા પછીનું પહેલું સ્ટેટમેન્ટ હશે. આ સ્ટેટમેન્ટ પરની તારીખ અરજીનો અને જાહેરાતનો સમયગાળો (ઉપર જણાવ્યા પ્રમાણે) શરૂ કરશે.

દર્દીને રજા આપ્યા પછીનું પહેલું બિલિંગ સ્ટેટમેન્ટ મળે પછી, SRI પોતે 3 વધારાના સ્ટેટમેન્ટ્સ (28 દિવસના અંતરાળમાં, કુલ 4 બિલિંગ સ્ટેટમેન્ટ્સ) અને 2 પત્રો મોકલશે.

જો 4 બિલિંગ સ્ટેટમેન્ટ્સ પછી પણ ચૂકવણી ના મળે, તો SRI દર્દીને એ માહિતી જણાવતો લેખિત પત્ર મોકલશે અથવા તેઓનો હિસાબ ઉઘરાણીને મોકલવામાં આવશે જો ચૂકવણી 30 દિવસમાં ના મળે. ઉપરાંત, પત્રમાં ECAs (ઉપર જણાવ્યા પ્રમાણે)નો સમાવેશ થશે જે દર્દીનું ખાતુ ઉઘરાણીમાં રાખવામાં આવે ત્યાર પછી કરવામાં આવે તેવું બની શકે. લેખિત નોટિસમાં PLS ની નકલ પણ સમાવવામાં આવશે.

જ્યારે બિલિંગ ઇનવોઇસ દર્દીનું મૃત્યુ થયું હોવાનું અથવા અવિતરીત અથવા અન્ય કોઇ સરનામું મળ્યું નહિ એમ જણાવીને પરત આવે, તો એકાઉન્ટ્સ ફૉલો-અપ અને પ્રમાણભૂતતા ચકાસવા ઉઘરાણી-પહેલાંની સ્થિતિએ વળશે.

*ઉઘરાણીઓ (કલેક્શન્સ)*

બિલિંગ સમયચક્રમાં SRI એકાઉન્ટ્સને ઉઘરાણી-પહેલાંની કામગીરી કરવાનું કહી શકે. આ સમયગાળા દરમિયાન, SRI વતી કાર્યરત ત્રાહિત પક્ષો ચૂકવણી ઉઘરાવવા દર્દીઓનો ટેલિફોનથી સંપર્ક કરી શકે. હિસાબ ઉઘરાણી-પહેલાંના સમયચક્રમાં હોય ત્યારે દર્દી સામે કોઇ ECAs કરવામાં આવશે નહીં.

જાહેરાત કરવાના સમયગાળાની સમાપ્તિ પછી, SRI દર્દીનો હિસાબ ઉઘરાણીને મોકલશે. કલેક્શન એજન્સીની ચૂકવણી ઉઘરાવવાની રીતોમાં ટેલિફોન કૉલ્સ, પત્રો અને ચોક્કસ ECA નો સમાવેશ થશે. તેઓની તમામ

Hackensack
Meridian *Health*
Shore Rehabilitation Institute

પ્રવૃત્તિઓનું બિલિંગ સિસ્ટમમાં પૂરેપૂરું દસ્તાવેજીકરણ કરવામાં આવશે અને કલેક્શન એજન્સીઓને નિયંત્રિત કરતા સરકારી નિયમનોની તમામ માર્ગરેખાઓ અનુસરવામાં આવશે.

જો કલેક્શન એજન્સીઓ ત્યારપછી અસફળ રહે (180 દિવસ ન વટાવેલા સમયગાળા માટે) તો દર્દીનો હિસાબ SRI ને પરત મોકલવામાં આવશે. હિસાબ મોકલવામાં આવે તે વખતે, કલેક્શન એજન્સી પોતાની પ્રવૃત્તિઓ અને શોધનું સંપૂર્ણ દસ્તાવેજીકરણ સમાવશે જ્યારે દર્દી તેમજ SRI ને હિસાબ પરત મોકલવાની તારીખ સાથે સંવાદ કરવામાં આવે.

## IV. <u>IRC §501(r)(6) સાથે અનુપાલન</u>

IRC §501(r)(6) અનુસાર, SRI જાહેરાત સમયગાળો પૂરો થતા પહેલાં કોઇ ECAs માં પ્રવૃત્તમય થતું નથી.

જાહેરાત સમયગાળા પછી SRI, કે તેઓ વતી કાર્યરત કોઇ ત્રાહિત પક્ષો, કોઇ દર્દી સામે વણચૂકવેલી સિલક માટે નીચેની ECAs આરંભી શકે જો FAP-પાત્રતા નિર્ધારણ કરવામાં ન આવે અથવા જો કોઇ વ્યક્તિ નાણાકીય સહાયતા મેળવવાને અપાત્ર હોય.

- વ્યક્તિ વિશે પ્રતિકૂળ માહિતીની જાણ કન્ઝ્યુમર ક્રેડિટ રિપોર્ટિંગ એજન્સીઓ કે ક્રેડિટ બ્યુરોને કરવી;
- વ્યક્તિની મિલકત પરનું દેવું ચૂકવાય નહિ ત્યાં સુધી મિલકત કબજામાં રાખવા હકદાર બનવું;
- વ્યક્તિની ખરી મિલકત પર દેવું ન ચૂકવવાને લીધે મિલકત છોડાવવાનો હક રદ કરવો;
- વ્યક્તિનું બેંક ખાતુ કે અન્ય અંગત મિલકત જપ્ત કરવી કે આંચકી લેવી;
- વ્યક્તિ સામે દિવાની કાર્યવાહી આરંભવી; અને
- વ્યક્તિના વેતનમાંથી કપાત શરૂ કરાવવી.

SRI જાહેરાત સમયગાળા પછી ગુનેગાર દર્દી ખાતાઓ પર ECAs શરૂ કરવા ત્રાહિત પક્ષોને અધિકૃત કરી શકે. તેઓ ખાતરી કરશે કે શું કોઇ વ્યક્તિ આ FAP હેઠળ નાણાકીય સહાયતા મેળવવાને પાત્ર છે કે કેમ તે નિર્ધારિત કરવા વ્યાજબી પગલાઓ લેવામાં આવ્યા છે અને કોઇ ECA શરૂ કરવા ઓછામાં ઓછાં 30 દિવસ પહેલાં નીચેની કાર્યવાહીઓ કરશે:

1. દર્દીને લેખિત નોટિસ પૂરી પાડવામાં આવશે જે:

   (a) દર્શાવે છે કે નાણાકીય સહાયતા પાત્ર દર્દીઓ માટે ઉપલબ્ધ છે;
   (b) ECA(s) ને ઓળખે છે જેને SRI સંભાળ માટે ચૂકવણી મેળવવાનું શરૂ કરવાનો હેતુ ધરાવે છે; અને
   (c) એક સમયસીમા વર્ણવે છે જેના પછી આવી ECAs આરંભી શકાય.

2. દર્દીએ આ લેખિત જાહેરાત સાથે PLS ની નકલ મેળવી છે; અને

3. વ્યક્તિને FAP અને વ્યક્તિ નાણાકીય સહાયતા અરજી પ્રક્રિયા સાથે સહાયતા કેવી રીતે મેળવી શકે તે વિશે મૌખિક જાણ કરવા વ્યાજબી પગલાઓ ભરવામાં આવ્યા છે.

SRI, અને તેઓ વતી કાર્યરત ત્રાહિત પક્ષ વિક્રેતાઓ અરજી સમયગાળા દરમિયાન રજૂ કરેલી આ નીતિ હેઠળ ઉપલબ્ધ નાણાકીય સહાયતા માટે તમામ અરજીઓ સ્વીકારશે અને તેની પ્રક્રિયા કરશે.

Hackensack Meridian *Health*
Shore Rehabilitation Institute

**પરિશિષ્ટ A:**

**Shore Rehabilitation Institute (શૉર રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યુટ) સર્વિસીસ આપનારાઓની યાદી**

SRI નાણાકીય સહાયતા નીતિ Shore Rehabilitation Institute ને લાગુ પડે છે. Shore Rehabilitation Institute માં સર્વિસીસ આપનાર અમુક ફિઝિશિયનો અને અન્ય આરોગ્ય સંભાળ આપનારાઓએ અન્યથા આ નાણાકીય સહાયતા નીતિ અનુસરવી જરૂરી નથી.

નીચે આપેલી યાદી, સર્વિસ લાઇન પ્રમાણે છે, જે Shore Rehabilitation Institute માં તબીબી દૃષ્ટિએ જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડે છે.

**આ નાણાકીય સહાયતા નીતિ હેઠળ આવરી લેવાયેલા સેવા આપનારાઓની યાદી:**

- વિનંતી કરવાથી પૂરી પાડવામાં આવશે

**આ નાણાકીય સહાયતા નીતિ હેઠળ ન આવરી લેવાયેલી સેવાઓની યાદી:**

- વિનંતી કરવાથી પૂરી પાડવામાં આવશે